જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૧/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૨/૨૦૨૩

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨ | ૧,૨૨,૭૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૩/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૨૪૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૪/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૬૫/૨૦૨૩**

**દાણીલીમડાઃ** જાવેદ મોહમ્મદહનીફ હોકાબાજ (ઉ.વ.૩૬)(રહે.જુની અંજુમન હાઇસ્કુલ પાછળ, મોટા બંબા ચોક, આસ્ટોડીયા, જમાલપુર) એ તા.૨૫/૦૧/૨૦૨૩ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૪/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા સુએજ ફાર્મ લોખંડવાલા એસ્ટેટ નંબર-૦૧ પ્લોટ નંબર-૦૪ ખાતે "સ્વાન કેમીકલ્સ" નામના ગોડાઉન ખાતેથી આરોપી યુનીક કોર્પોરેશનના માલીક (૧) નફીસાબેન મોહંમદહનીફ પોમચાવાલા અને (૨) આશીફ શરકુદિન રજાઇવાલા (બંને રહે. જુની અંજુમન હાઇસ્કુલ પાછળ, મોટા બંબા ચોક, આસ્ટોડીયા, જમાલપુર) એ ભેગા મળી જાવેદભાઇ પાસેથી હાઇડ્રોજન પેરોકસાઇડ નામનુ કેમીકલ્સ ૩૧,૫૦૦ કિલો ગ્રામ કિમત રૂપિયા ૧૩,૯૭,૭૧૦/- મેળવી લઇ આજદિન સુધી નાણાં નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.તડવી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૬/૨૦૨૩**

**ચાંદખેડાઃ** મહેશભાઇ લક્ષ્મણભાઇ મકવાણા (રહે. સેવરોન પ્લાઝા શરણ સ્ટેટની બાજુમાં મોટેરા ચાંદખેડા) એ તા.૨૫/૦૧/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૩ સવારના ૧૧/૩૦ થી તા.૨૫/૦૧/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાં સોનાના દાગીના, ઘડિયાળ, તાંબા-પિત્તળના વાસણો અને પિત્તળની મુર્તિ મળી કિમત રૂપિયા ૧,૯૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૭/૨૦૨૩**

**એલીસબ્રીજઃ** કચ્છ તા.ભુજ ગામ-દહીસરા ખાતે રહેતા રવજીભાઇ સ/ઓ જાદવા ખિમાણી (હાલ રહે. લંગાટા નાઇરોબી કેન્યા) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના મિત્ર રાજેશભાઇની મર્સીડીઝ ગાડીમાં બેસી એલીસબ્રીજ એમ.જે.લાયબ્રેરી સામે આવેલ પુલ નીચે આવ્યા હતા જ્યાં મર્સડીઝ ગાડી પાર્ક કરી અગ્રવાલ ચેમ્બરમાં આવેલ દાંતની હોસ્પીટલ ખાતે ગયા હતા ત્યારે ગાડીનો ડ્રાઇવર સાઇડનો પાછળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ગાડીની સીટ ઉપર મુકેલ રવજીભાઇની સુટકેસમાંથી ૪,૦૦૦/- અમેરીકન ડોલર તેમજ તેમના મિત્ર રાજેશભાઇની બેગમાંથી કેન્યા કરન્સી સીલીંગ ૫,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજ સાથેની બેગ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી